ગુજરાત રાજ્ય યુવક બોર્ડ હેઠળ યુવા પ્રવૃત્તિઓને વેગમાન બનાવવા રચેલ વ્યવસ્થાતંત્રની મુદ્દત લંબાવવા બાબત

ગુજરાત સરકાર,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંક:યસપ/૧૦૨૦૧૬/૧૩૬૪/બ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૨૦-૦૭-૨૦૧૯

વંચાણે લીધા:-

૧. આ વિભાગનો સરખાક્રમાંકનો તા.૧૮/૧૨/૨૦૧૮નો ઠરાવ
૨. આ વિભાગનો સરખાક્રમાંકનો તા.૨૪/૧૨/૨૦૧૮નો ઠરાવ
3. આ વિભાગનો સરખાક્રમાંકનો તા.૦૮/03/૨૦૧૯નો ઠરાવ

આમુખ:

રાજ્યના યુવાધનને યોગ્ય પ્રેરણા, દિશાસુચન, માર્ગદર્શન તથા લીડરશીપ મળી રહે અને તેઓમાં ઉભરી રહેલ રાષ્ટ્રીય તથા સામાજિક ભાવનાનો સમન્વય કરી તેઓની શક્તિઓને રાજ્ય અને દેશના વિકાસ તરફ વાળીને તથા રાજ્ય સરકારના પ્રજાકલ્યાણકારી તથા વિકાસલક્ષી કાર્યક્રમો અને યોજનાઓનો મહત્તમ લાભ લોકો સુધી પહોંચાડી શકાય તે માટે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક:૧ ના ઠરાવથી ગુજરાત રાજ્ય યુવક બોર્ડ હેઠળ એક વ્યવસ્થાતંત્રની રચના કરવામાં આવેલ હતી. જેને પ્રથમ તબક્કે તા.૩૧/03/૨૦૧૯ સુધી મંજુરી આપવામાં આવી હતી. વંચાણે લીધેલ ક્રમાંક: 3 ના ઠરાવથી આ વ્યવસ્થાતંત્રને તા.30/0૬/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલી હતી. આ વ્યવસ્થાતંત્રની મુદ્દત વધુ સમય માટે લંબાવવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત રાજ્ય યુવક બોર્ડ હેઠળના આ વ્યવસ્થાતંત્રને (મંજૂર થયેલ તમામ જગ્યાઓ સહિત) તા.૩૧/૦૭/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. સંદર્ભ-૨ અને ૩ના ઠરાવની તમામ શરતો અને જોગવાઇનો અમલ કરવાની શરતે આ મંજૂરી તા.૩૧/૦૭/૨૦૧૯ સુધી આપવામાં આવે છે.

આ અંગેનો ખર્ચ માંગણી નં. ૯૮- યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, મુખ્ય સદર-૨૨૦૪-ખેલકુદ અને યુવક સેવાઓ-00, ગૌણસદર-૧૦૩-વિદ્યાર્થીઓ સિવાયના યુવક માટે કલ્યાણ કાર્યક્રમ-૦૨-ઇડીએન-૫૨- યુવક કલ્યાણની સંકલિત યોજના, વિભાગ-૨, મહેસૂલી સદર હેઠળ કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની ફાઇલ પર સરકારશ્રીની તા.૧૫/૦૭/૨૦૧૯ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કૃતિ આર. નાયક),
સેક્શન અધિકારી,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન.મંત્રીશ્રીઓ તથા માન.રાજ્યકક્ષા મંત્રીશ્રીઓ ના અંગતસચિવશ્રી, માન.મંત્રીશ્રીના ધ્યાને મૂકવા સારૂ
- માન.મંત્રીશ્રી (ર.ગ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રીના અંગત સચિવશ્રી, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- નાણાં સલાહકારશ્રી (રમતગમત), સચિવાલય, ગાંધીનગર
- ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
- કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી,ગાંધીનગર.
- વિભાગના સર્વે ખાતાના વડાઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે શાખાઓ અને અધિકારીશ્રીઓ, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વેબ મેનેજરશ્રી, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેકટ ફાઇલ.